રાહુલ ૧ સપ્તાહ સુધી કોંગ્રેસ પાર્ટીનુ નેતૃત્વ સંભાળશે

ચેન્નાઈમાં ભારે વરસાદથી જનજીવન ઠપ

મધ્યમથી ભારે વરસાદ જારી રહે તેવી આગાહી : નવેમ્બર માસમાં વરસાદથી જાનમાલને ખૂબ જ નુકશાન, આગામી સપ્તાહમાં કેન્દ્રને અહેવાલ સુપ્રત કરાશે

ચેન્નાઈ,તા. ૦૧

તમિળનાડુના દરિયા કાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. છેલ્લા એક મહિનાથી તમિળનાડુમાં ભારે હાહાકાર મચી ગયો છે. રાજ્યમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સપ્તાહ દરમિયાન હજુ પણ ભારે વરસાદ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. નવેમ્બર મહિનામાં ભારે વરસાદના કારણે જાનમાલને ભારે નુકશાન થયું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સામાન્ય લોકોને હાલ રાહત નહી મળે તેવી શક્યતા છે. કારણે ઉત્તરપૂર્વ મોનસુનની સ્થિતી વધારે સક્રિય થઈ રહી છે. બચાવ અને રાહત કામગીરી હજુ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તમિળનાડુમાં નુકશાનનો આંકડો ૮૪૮૧ કરોડ રૂપિયાનો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી જયલલિતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તાત્કાલિક ધોરણે રાહત કામગીરી હાથ ધરવા માટે બે હજાર કરોડ રૂપિયા જારી કરવા અપીલ કરી હતી. પહેલી ઓક્ટોબર ૨૦૧૫ બાદથી વરસાદ સંબંધિત જુદા-જુદા બનાવોમાં ૧૬૯ લોકોના મોત થઈ ચુક્યા છે. બિનસત્તાવાર રીતે મોતનો આંકડો આના કરતા પણ વધારે છે. તમિલનાડુમાં ભારે વરસાદના કારણે અભૂતપૂર્વ નુકશાન થઈ ચુક્યું છે.

રાજ્યમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે નુકશાન ખૂબ વધારે થયું છે. રોગચાળાની દહેશત પણ પ્રવર્તી રહી છે. નવેમ્બર મહિનામાં ચેન્નાઈ શહેરમાં ૧૧૯.૭૩ મીમી જેટલો વરસાદ નોંધાઈ ચુક્યો છે જે ૧૯૧૮માં થયેલા વરસાદનો રેકોર્ડ તોડે છે. સરકારે ૯૪૦ કરોડથી વધુ રકમ જારી કરી હતી.

દાઉદ પાકિસ્તાનમાં જ છે અને સતત સ્થળ બદલે છે

પાકિસ્તાનને વારંવાર જરૂરી માહિતી અપાઈ છે : દાઉદના સંદર્ભમાં રેડ કોર્નર નોટિસ પણ જારી કરાઈ છે

નવી દિલ્હી, તા. ૧

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનમાં ઘણી જગ્યાએ અડ્ડાઓ ધરાવે છે અને તે એકજગ્યાએથી બીજી જગ્યાએ સમય-સમયે જગ્યાઓ બદલી રહ્યો છે. લોકસભામાં આજે આ મુજબની માહિતી અપાવામાં આવી હતી. ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ માહિતી આપતા કહ્યું હતું કે, જુદી-જુદી સંસ્થાઓ તરફથી મળેલી માહિતી મુજબ વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટના મુખ્ય આરોપી દાઉદ ઈબ્રાહિમ દ્વારા અડ્ડાઓ બદલવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભારતે સમયે-સમયે દાઉદ સાથે સંબંધિત માહિતી પાકિસ્તાનને આપી છે. જેમાં પાસપોર્ટ અને તેના કહેવાતા સરનામાનો સમાવેશ થાય છે. ત્રાસવાદી પ્રવૃત્તિઓ અને અન્ય ગુનાઓ માટે ટ્રાયલનો સામનો કરવા માટે દાઉદને સોંપવા વારંવાર રજુઆતો કરવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે, સરકાર જુદા જુદા ચેનલો મારફતે તેની પ્રવૃત્તિ ઉપર નજર રાખી રહી છે. સાથે-સાથે એવી ખાતરી પણ કરી રહી છે કે પાકિસ્તાન અને તેની સંસ્થાઓ વચન પાળી રહી છે કે કેમ. દાઉદ ઈબ્રાહિમ સામે રેડ કોર્નર નોટિસ પણ જારી કરવામાં આવેલી છે. સંયુક્ત રાષ્ટ્રમાં ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો છે. અગાઉ ગૃહમંત્રી રાજનાથસિંહે નિવેદન કરતા કહ્યું હતું કે, સરકાર દાઉદને પરત લાવવા માટે કોઈ કમી રાખશે નહીં. ભારત સરકાર દાઉદને પરત લાવવા માટે કટિબદ્ધ છે.

શીના બોરા હત્યા કેસ મામલે પીટર મુખર્જીને ૧૪મી સુધી જ્યુડીશીયલ કસ્ટડી

નવી દિલ્હી, તા. ૦૧

ખાસ અદાલતે આજે પીટર મુખર્જીને શીના બોરા હત્યા કેસમાં ૧૪મી ડિસેમ્બર સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો હતો. મુખર્જીએ મુંબઈથી ૧૯મી નવેમ્બરના દિવસે તેમની ધરપકડ કરી હતી. હાલમાં તેઓ સીબીઆઈ કસ્ટડીમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશને હચમચાવી મુકનાર શીના બોરા હત્યા કેસના સંબંધમાં સીબીઆઈએ પૂર્વ મિડિયા કારોબારી પીટર મુખર્જી પર લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરીને કેટલીક માહિતી મેળવવાના પ્રયાસ કર્યા હતા. શીના બોરા હત્યા કેસના કાવતરાને વધુ સારી રીતે સમજવા માટે આ ટેસ્ટ ઉપયોગી સાબિત થઈ શકે છે. વર્ષ ૨૦૧૨માં શીના બોરાની ઘાતકી હત્યા કરવામાં આવી હતી.

ચિદંબરમના પુત્રની કંપની પર ઈડી અને ઈન્કમટેક્સના દરોડા

સરકાર ખોટા ઈરાદા સાથે પરિવારને ટાર્ગેટ બનાવી રહી છે : પૂર્વ નાણાં મંત્રી પી ચિદંબરમ દ્વારા સ્પષ્ટ પ્રતિક્રિયા

નવી દિલ્હી, તા. ૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને ઈન્કમટેક્સ વિભાગે કોંગ્રેસના નેતા કાર્તી પી ચિદંબરમની કેટલીક જગ્યાઓ ઉપર વ્યાપક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો હતો. પૂર્વ નાણાં મંત્રી પી ચિદંબરમના પુત્ર કાર્તી સાથે સંબંધિત સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. એરસેલ-મેક્સીસ કેસના સંબંધમાં ચાલી રહેલી મની લોન્ડરીંગ કેસ મામલામાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.

સંસ્થાઓએ કાર્તી સાથે સંબંધિત બે કંપનીઓ વસન આઈ કેર અને એડવાન્ટેજ સ્ટ્રેટેજીક ઉપર દરોડા પાડ્યા હતા. એરસેલ-મેક્સીસ સોદાબાજીમાં ઈડી અને સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ કેસ એકંદરે ટુજી કૌભાંડ કેસમાં ચાલી રહેલી તપાસના ભાગરૂપે છે. આ દરોડા અંગે પ્રતિક્રિયા આપતાં ચિદંબરમે કહ્યું છે કે જો સરકાર તેમને ટાર્ગેટ બનાવવા માંગે છે તો સીધી રીતે મેદાનમાં ઉતરવું જોઈએ. તેમના પરિવાર અને અન્ય સભ્યો સરકાર દ્વારા છેડવામાં આવેલી ખોટી રમતનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. ઈડી માટે નિમાયેલા ડેપ્યુટી ડિરેક્ટર રાજેશ્વરસિંહ પણ તપાસ કરી રહ્યા છે.

રાહુલ ૧ સપ્તાહ સુધી કોંગ્રેસ પાર્ટીનુ નેતૃત્વ સંભાળશે

સોનિયા ગાંધી હેલ્થ ચેક અપ માટે બહાર ગયા : જીએસટી બિલ સહિત પાર્ટી અને અન્ય સંસદીય મામલા પર આંતરિક ચર્ચાનુ નેતૃત્વ ઉપપ્રમુખ રાહુલ ગાંધી કરશે

નવી દિલ્હી,તા. ૧

મેડકલ ચેક અપ માટે પહેલા જ નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સપ્તાહભર માટે અમેરિકા જતા રહ્યા છે. જેથી કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી હવે કોંગ્રેસ પાર્ટીનુ નેતૃત્વ એક સપ્તાહ સુધી કરનાર છે. આવી સ્થિતીમાં જીએસટી બિલ સહિત પાર્ટી અને અનેક સંસદીય મુદ્દા પર આંતરિક ચર્ચાનુ નેતૃત્વ રાહુલ ગાંધી દ્વારા જ કરવામાં આવનાર છે. આનો મતલબ એ થયો કે જીએસટી બિલ પર થનાર વાતચીતમાં સરકારના સુચન પર પાર્ટીનો જવાબ તૈયાર કરવામાં રાહુલ ગાંધીની ચાવીરૂપ ભૂમિકા રહેશે. રાહુલ ફેક્ટર ઉભરીને સામે આવે તેવી શક્યતા છે.

જીએસટી બિલ પર આગામી સપ્તાહમાં ચર્ચા શરૂ કરવામાં આવી શકે છે. રાહુલ ગાંધી છેલ્લા કેટલાક દિવસોથી જીએસટી પર કોંગ્રેસ પાર્ટીની એક સાથે ત્રણ શરત પર વાત કરી રહ્યા છે. જાહેર રીતે રાહુલ ગાંધી ત્રણ શરત પર વાતચીત કરી રહ્યા છે.

ત્રણ શરત પૈકી પ્રથમ શરત એ છે કે જીએસટીના રેટને ૧૮ ટકા કરતા વધારે રાખવામાં ન આવે. બીજી શરત એ છે કે એક ટકાના આંતર રાજ્ય ટેક્સની વ્યવસ્થાને ખતમ કરી દેવામાં આવે અને ત્રીજી શરત એ છે કે જીએસટી કાઉન્સિલમાં એક સ્વતંત્ર વિવાદ નિરાકરણ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવે તે જરૂરી છે.

વિકાસ કરીએ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતું કે દેશ માટે ઔદ્યોગિકરણ ખૂબ જરૂરી છે. સમાજમાં સુધાર લાવવા માટે જવાબદારી લેવી પડશે. સાથે-સાથે જુની ભુલોને છોડી દેવી પડશે. બંધારણ અને દેશના મહાન મુલ્યો તથા સંસ્કારોમાં અમે બંધાયેલા છીએ. મોદીએ કહ્યું હતું કે, અત્યાચારના બનાવો દેશ ઉપર કલંક સમાન છે. પરંતુ આ સંદર્ભમાં દેશભક્તિ ભાવના પ્રમાણપત્રો જારી કરવાની કોઈને જરૂર નથી. દેશને આગળ લઈ જવા માટે શાંતિ અને એકતા એકમાત્ર રસ્તો છે. ૧૨૫ કરોડ ભારતીયોની દેશ ભક્તિવાદ અંગે પ્રશ્નો કોઈ ઉઠાવી શકે નહીં. અસંતુષ્ટ લોકોને પાકિસ્તાન જવાના કેટલાક લોકો સુચન પણ કરી રહ્યા છે. બંધારણ અંગે રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપતા મોદીએ એકતાનો મંત્ર આપ્યો હતો અને કહ્યું હતું કે, દેશને અખંડિત રાખવાના રસ્તા શોધવા જોઈએ. ચર્ચાનો ૪૦ મિનિટ સુધી જવાબ મોદીએ આપ્યો હતો. આ ગાળા દરમિયાન અસહિષ્ણુતા મુદ્દે આક્ષેપો કરાયા હતા

મતગણતરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બાદ ૩૧ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૯૮૮ બેઠકો માટે મેદાનમાં રહેલા કુલ ૨૪૯૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા.જ્યારે ૨૩૦ તાલુકા પંચાયતમાં રહેલી ૪૭૭૮ બેઠકો માટે મેદાનમાં રહેલા ૧૧૬૩૫ ઉમેદવારોના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. આ ઉપરાંત ૫૬ નગરપાલિકાની ૨૦૮૮ બેઠક માટે મેદાનમાં રહેલા ૫૨૯૬ ઉમેદવારોના ભાવિ પણ સીલ થઈ ગયા હતા. આ તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો આવતીકાલે થનાર છે. તમામ જગ્યાએ ઈવીએમ મારફતે મતદાન યોજાયું હોવાથી વહેલી તકે પરિણામ મળી રહે તેમ માનવામાં આવે છે. સાંજ સુધીમાં તમામ ચિત્ર સ્પષ્ટ થઈ જાય તેમ પણ માનવામાં આવે છે.

ખરી ગંદકી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માટે મત બંધાય છે. તેમણે એવા ભારતનું સ્વપ્ન જોયું હતું કે જ્યાં વાયબ્રન્ટ વૈવિધ્ય અને સામાજિક પ્રતિબદ્ધતાની સતત ઉજવણી થતી હોય અને તેનાથી દેશ સતત મજબુત બનતો હોય. ગાંધીજી આપણા લોકો હંમેશા મુક્ત વિચાર અને કાર્ય સાથે સંયુક્તપણે આગળ વધે એમ ઈચ્છતા હતા અને સૌથી મહત્વનું તેઓ પોતાની જીંદગી અને પોતાના સંદેશાને ક્યારેય માત્ર કર્મકાંડ બની જાય તેમ ઈચ્છતા ન હતા. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ગાંધીજીએ આપણને નૈતિક રીતે નવીન બનવાનું શીખવ્યું હતું. જો ભારત નૈતિક નવિનીકરણમાં અગ્રેસર બને, તો પ્રચુર સર્જનાત્મકતા તમામ સ્વરૂપોમાં આપોઆપ ગાંધીજીનો મંત્ર પ્રત્યેક આંખનું પ્રત્યેક અશ્રુ લુછવા - સાકાર થશે. આપણાં તમામ કાર્યો છેવાડાના માનવીને ધ્યાનમાં રાખીને હોવાં જોઈએ. તેવા ગાંધીજીએ આપણને આપેલા સંદેશમાં તેમનો સાચો વારસો અને તેના સતત પ્રતિધ્વનિ રહેલાં છે. ભારતમાં છેવાડાના માનવી એટલે સામાન્ય રીતે મહિલાઓ, દલિતો અથવા આદિવાસીઓ ગણાય છે. આપણે આપણી જાતને સતત પુછતા રહેવું જોઈએ કે, આપણાં કાર્યોથી તેમનું કંઈ ભલું થઈ રહ્યું છે. ટ્રિસ્ટ વિથ ડેસ્ટિની નામના પંડિત જવાહરલાલ નહેરુના પ્રસિદ્ધ વક્તવ્યમાં તેમણે આ આ જવાબદારીનો ઉલ્લેખ કર્યો હતો. આપણે સૌથી વધુ ગરીબ વ્યક્તિને સશક્ત બનાવવો જ પડશે. પ્રત્યેક વ્યક્તિએ સામુહિક કલ્યાણ અને સમૃદ્ધિના ટ્રસ્ટી બનીને કામ કરવું પડશે. માનવ હોવાનો સાર એ છે કે આપણને પરસ્પર ભરોસો છે. આપણી આસપાસના વાતાવરણને જે નુકશાન થઈ રહ્યું છે તે, આપણને સહુને ટ્રસ્ટીશીપની આવશ્યકતા યાદ અપાવે છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આપણે સહુ આપણ આસપાસ વ્યાપક હિંસા જોઈ રહ્યા છીએ. આ હિંસાના મૂળમાં અનિશ્ચિતતા, ભય અને અવિશ્વાસ છે. આ સતત વધતી જતી હિંસાને નાથવા આપણે જ્યારે નવાં રસ્તાઓ શોધી રહ્યા છીએ, ત્યારે આપણે અહિંસા વાતચીત અને પ્રયોજનની શક્તિને ભુલવ ન જોઈએ. આપણે આપણા જાહેર વાર્તાલાપોને તમામ પ્રકારની શારીરિક કે શાબ્દિક હિંસાથી મુક્ત રાખવા જોઈએ. માત્ર અહિંસક સમાજ જ તમામ વર્ગના લોકોની ભાગીદારી, ખાસ કરીને આપણી લોકતાંત્રિક પ્રક્રિયામાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને તરછોડાઈ ગયેલા લોકોની ભાગીદારીની ખાતરી આપી શકે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ જણાવ્યું હતું કે, ભારતમાં ખરી ગંદકી આપણી ગલીઓમાં નહીં પરંતુ આપણાં મનમાં અને તેમનું અને આપણું શુદ્ધ અને અશુદ્ધ જેવા ભેદભાવથી વિભાજિત કરતા સમાજની માનસિકતા બદલવાની આપણી અનિચ્છામાં રહેલી છે. આપણે સહુએ પ્રશંસનીય અને આવકારદાયક સ્વચ્છ ભારત મિશનને સફળ બનાવવું જોઈએ. જોકે, તેને પણ માનસિકતાની સાફસૂફીના વ્યાપક અને પ્રખર પ્રયત્નોની અને તમામ દુષ્ટિકોણ સહિત ગાંધીજીના વિઝનને પરિપૂર્ણ કરવા માટેની રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, જે લોકો દૃઢ આત્મવિશ્વાસ અને મજબુત શ્રદ્ધા ધરાવે છે અને તેમની સંસ્કૃતિમાં ઊંડા ઉતરેલા છે. તેઓ જ મુક્ત ઘર અને મુક્ત સમાજમાં જીવનમાં જીવવાની આશા રાખી શકે છે.

મત ગણતરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તો ૯ બેઠકો પર ૬૦ થી ૭૦ ટકા જેટલુ મતદાન નોંધાયું છે.

દહેગામ અને કલોલ નગરપાલિકાની ચૂંટણી માટે મતગણતરીની પણ અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. દહેગામમાં મતગણતરી માટે પાંચ અને કલોલમાં ૧૦ ટેબલ પર મતગણતરી હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતની એક બેઠક બિનહરિફ થઈ છે જે ભાજપને મળી છે જ્યારે કલોલ તાલુકા પંચાયતની બે બેઠકો બિનહરિફ થઈ છે અને તે કોંગ્રેસને મળી છે.

આજે આખો દિવસ પણ સૌના મુખે ચૂંટણીના પરિણામો અંગે ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી. સ્થાનિક સ્વરાજ્યના આ ચૂંટણી જંગમાં ૪૨૭ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ આ જંગમાં મોટાભાગની બેઠકો પર સીધા ટકરાઈ રહ્યા હોવાથી રાજકીય માહોલ પણ ગરમાયેલો જોવા મળી રહ્યો છે.

આરોગ્ય ચકાસણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હૃદય, કિડની, કેન્સર અને થેલેસેમીયાની બિમારી ધરાવતા બાળકોને સંદર્ભ સેવા પણ સરકાર દ્વારા આપવામાં આવી હતી. જેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો હતો.

આ તપાસમાં ૮૪ બાળકો હૃદયની બિમારી ધરાવતા મળ્યા હતા. જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૨૨, દહેગામમાંથી ૨૯, માણસામાં ૨૧ અને કલોલમાંથી ૧૨ બાળકો મળી આવ્યા હતા. થેલેસેમીયાની ગંભીર બિમારી ધરાવતા બાળકો ગાંધીનગરમાંથી ૨ અને કલોલ તાલુકામાંથી ૯ બાળકો મળી આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ આજથી શરૂ થઈ ગયો છે. આ માટે સંદર્ભ સેવા માટે પણ તબીબી અધિકારીઓની ખાસ ટીમ બનાવવામાં આવી છે.

સાપનું દર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભયની લાગણી વ્યાપી છે. સેકટરના સ્થાનિક રહીશો દ્વારા આ મામલે અનેકવાર રજુઆતો કરવા છતા તંત્ર દ્વારા ટેલીફોનના નકામા થાંભલા દુર કરવામાં આવતા નથી. બી એસ એન એલનુ તંત્ર આમ નાગરિકોની ફરિયાદો દુર કરવામાં પણ નિરસતા દાખવતુ હોવાનો રોષ પ્રવર્તયો છે. ત્યારે વર્ષોથી કોમન પ્લોટમાં ઢગ થઈને ખડકાયેલા થાંભલા દુર કરવામાં પણ નિરસતા દાખવતા તંત્ર સામે સ્થાનિક રહિશોમાં આક્રોશ પ્રવર્તયો છે.

દબાણમુક્ત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જે સી બી મશીન સાથે દબાણ તંત્રની ટીમ કામે લાગશે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટર તેમજ કોર્મશિયલ વિસ્તારમાં પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો જોવા મળી રહયો છે. ત્યારે સરકારી કચેરીઓ આસપાસ પણ પાર્કીંગ પ્લેસ પર દબાણો અસ્તિત્વમાં આવતા પાર્કીંગની સમસ્યા ઉભી થવા પામી છે. તંત્ર દ્વારા કાયમી ધોરણે દબાણો દુર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

નવાં કલેવર (૪ પાનાનું ચાલુ...)

માત્ર મારું મન જે હજુ આવ વાતને સહજતાથી સ્વીકારી શકતું ન હતું.

વિપુલ જયારે પ્રેમથી વાત કરે ત્યારે મને થયું કે મારા માટે આ સાંભળવું એ પણ એક પાપ છે. મેં વીનુને દગો કર્યો છે વિપુલ ખુબ સમજદાર હતા. મારી અરૂચી અને ઉપેક્ષાને સહન કરીને પણ તે મને આદર અને સન્માન દેતા.

એક આઈ.પી.એસ.ની પત્ની હોવાને કારણએ મારી આસપાસનો સમાજ, સાસરીયાઓમાં મને ખુબ માન મળતું. સાસુ-સસરાં મને વહુ ને બદલે દીકરી-દીકરી કરીને પ્રેમ કરતા. નોકર-ચાકર અને તેમના તાબાના માણસો મારી આગળ-પાછળ ફરતા રહેતા.

એક દિવસ એમ જ સાંજે હું એકલી મારા બંગલાની સામેના રસ્તા પર વૉક માટે નીકલેલી ત્યારે મારી ખુશીનું ઠેકાણું ન રહ્યું. મને લાગ્યું કે હું પાગલ થઈ જઈશ. સામેથી સીધો મેં વીનુને આવતો જોયો.

વીનુ એકદમ મારી નજીક આવી ગયો ત્યારે મેં બુમ પાડી ને કહ્યું, વીનુ તું કયા હતો? થોડી વાતો કરતાં કરતાં હું તેને મારે ઘેર લઈ આવી. મને થયું કે મને જાણે કે જીવનની બધી જ ખુશીઓ મળી ગઈ. મારી ધીરજ ખુટી પડી. મેં આજુબાજુ કોઈ છે કે નહીં તેનો વિચાર પણ ન કર્યો અને વીનુને વળગી પડી. 'વીનુ, હજ પણ તું મારી સાથે લગ્ન કર, હું તારા માટે વિપુલને છોડવા તૈયાર છું. મારું આ રટણ સાંભળી વીનુ એ મને કહ્યું,' પણ લતા હું તારી જેમ નહીં કરી શકું. હું મારી પત્નીને નહીં છોડી શકું. કિશોરવયનો પ્રેમ વેલીના ફૂલ જેવો હોય છે. તેને સુંઘી શકાય પણ..., લતા, નાદાની છોડ અને વિપુલને તારો પ્રેમ આપ. હવે એ જ તારો વર્તમાન છે અને એ જ સત્ય છે.'

વીનુના ગયા પછી મારા મનમાં એક સ્વચ્છ તસ્વીર ઊભરી આવી છે. વિપુલ મારું સત્ય છે અને મારું એ સત્ય જ મારું જીવન છે અને હું તેનું સર્વસ્વ છું. હું વિપુલની રાહ જોવા લાગી. ઓરડામાં ટીંગાડેલ વિપુલનો ફોટો હવે મને ગમવા લાગ્યો છે.

- vanvihari@gmail.com

વિચારોના મધુવનમાં (૪ પાનાનું ચાલુ...)

કે પહેલાં બે સૂત્રો તમારા બાહ્ય જ્ઞાન અથવા બહિરંગ પ્રકૃતિને સ્પર્શે છે. પરંતુ ત્રીજું સૂત્ર તમારા અંતરંગ વિકાસને ઝંખે છે. ત્રીજા સૂત્રને આપણે 'વિચાર કરવાની પદ્ધતિની ઓળખ, સમજ અને અનુસરણ' કહીશું. ટૂંકમાં 'વિચાર પ્રક્રિયા' નામે પણ ઓળખીશું. મિત્રો ! તમે એ વાત તો જાણતાં હશો કે કોઈ પણ ઘટના સૌથી પહેલાં મનનાં રંગમંચ પર ભજવાય છે અને પછી જ આ વાસ્તવિક જગતમાં. તમને થશે કે આવો અનુભવ દરેક વખતે અમને નથી થતો. પરંતુ મિત્રો ! એ સમજી લો કે વિચારની અને કાર્ય કરવાની ઘટનાઓ એટલી તીવ્ર ગતિએ બની જતી હોય છે કે તેનો ભેદ ધ્યાનમાં નથી આવતો. વૈજ્ઞાનિકો કશુંક કરી બતાવવાની ધગશ સાથે રાત-દિવસ પ્રયોગશાળામાં પસાર કરી નાખે છે. ક્યારેક તો ઘરને પણ વિસરી જતા હોય છે. કેટલાક વિચારકો જગતના કલ્યાણ માટે કે ઋણમુક્તિ માટે અનેક યોજનાઓ બનાવી વિચાર પ્રવાહો વહેતા મૂકે છે. ક્યારેક તો આ પ્રવાહો અગનજ્વાળાઓ સાબિત થતી હોય છે. આખો સમાજ તેનો વિરોધ કરે પણ પોતાના 'વિચાર' ને કોઈ પણ ભોગે વળગી રહેતા હોય છે. આવા ચિંતકો પુસ્તકો લખે છે, સંશોધનપત્રો તૈયાર કરે છે અને સમાજ પુરુષને ચરણે ધરે છે. શું તમને પણ આવું અનોખુ કામ કરવાનો વિચાર આવે છે ? જો તમારો જવાબ 'હા' હોય તો તમારે અત્યારથી જ આ ત્રીજા સૂત્રને અપનાવવું જોઈએ.

- rrpatel_1970@yahoo.in

Hello ફ્રેન્ડ્સ! (૪ પાનાનું ચાલુ...)

જોઈને અસ્વસ્થ થવાય છે...

ખાખી ચડ્ડીના ખિસ્સામાં ભરાયેલા ખજાનામાં એકલતા નહોતી, આજે મોબાઈલમાં ભરાયેલા અઢળક ખજાના છતાં માણસ પોતે જ પોતાનાથી વિખૂટો પડતો જાય છે, પોતાના પડછાયાથી બીવે છે, આપણે બધે જ છવાયા છીએ, પણ પોતાની જાત પાસે જ નથી... ભૌતિક સુખોની ઘનઘોર ઘટા વચ્ચે ઠંડક મળતી નથી, ઉલટાનું આ પડછાયા દઝાડે છે, પેલી બાળકીની જેમ પોતાના જ પડછાયાથી આપણે ગભરાઈએ છીએ...

ચૂંટલો : બીજાની જિંદગીમાં ચંચુપાત કરનારાં આપણે, પોતાની અંદર જ જરા ડોકીયું કરવાની જરુર છે, માણસ એકલતાથી ડરે છે, પોતાની જાતથી જ ડરે છે, કારણ પોતાની જાત સાથે ખોટું બોલી શકાતું નથી, પોતાનું સાચું રુપ તકલીફ આપે છે, પડછાયો ડરામણો બને છે અને એટલે જ મોબાઈલમાં ખૂંપીને ખૂશ થવાનો પ્રયત્ન કરાય છે.

મિલિટરી એન્જિનિયરીંગ સર્વિસ

ભારતના રાષ્ટ્રપતિ વતી ગેરીસન એન્જિનિયર (આર્મી) પીઓ : સીઆરપીએફ કેમ્પસ, ગાંધીનગર - ૩૮૨૦૪૨ દ્વારા 'થ્રાંગધ્રા મિલિટરી સ્ટેશન ખાતે એસ પી એલ કોટા સ્ટોન ફ્લોરીંગનું રીપેરીંગ અને કેવી સ્કૂલ બિલ્ડીંગ ખાતે સેવેજ લાઈન નાંખવાની કામગીરી માટે સીંગલ સ્ટેજ ટુ કવર બીડ સિસ્ટમથી અંદાજિત રૂ. ૨૩.૮૦ લાખના ખર્ચ માટે ઓનલાઈન બીડ મંગાવવામાં આવે છે. વધુ વિગતો માટે www.nprocuremes.gov.inનો સંપર્ક કરવો.

સહી/-
(આર. એસ. તિવારી)
એજીઈ (કોન્ટ્રાક્ટસ)
ગેરીસન એન્જિનિયર વતી

DAVP 10102/11/2808/1516

જાહેર નિવિદા

આ નિગમની કચેરીમાં ફાઈલો તથા રેકર્ડની જાળવણી માટે મોબાઈલ કોમ્પેક્ટર સ્ટોરેજ સીસ્ટમ કરાવવા ગાંધીનગર / અમદાવાદ ખાતેની એજન્સીઓ પાસેથી તૈયાર કરી આપવાના ભાવો તા. ૧૦/૧૨/૨૦૧૫ સુધી મંગાવવામાં આવે છે. આ અંગેની શરતો અને બોલીઓ નિગમની કચેરીએથી મળી રહેશે.

કચેરીનું સરનામું
ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
બ્લોક નં. ૧૧/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૨૩૨૫૭૫૫૯